# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ-એપ્રિલ-૨૦૨૨ ની પરીક્ષાનું પરિણામ તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ જાહેર થયેલ છે. જે ઉમેદવારો ઉત્તરવહી અવલોકન/ગુણચકાસણી અને OMR ની નકલ મેળવવાની અરજી કરવા ઇચ્છતા હોય તેઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **sci.gseb.org** પર તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ બપોરના ૧૪:૦૦ કલાકથી તા.૨૩/૦૫/૨૦૨૨ ના રોજ ની સાંજના ૧૭:૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકશે.

ગુણચકાસણી, અવલોકન અને OMR ની નકલ મેળવવા માટેની નિયત ફી ઓનલાઇન SBIePay System મારફતે (Credit Card, Debit Card, Net Banking) દ્વારા અથવા SBIePay ના "SBI Branch Payment" ઓપ્શન દ્વારા દેશની કોઇપણ SBI Branch માં ભરી શકાશે. જેની સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

(ટી.કે.મહેતા)
નાયબ નિયામક(વિ.પ્ર.પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૧૬/૦૫/૨૦૨૨
સ્થળ :- ગાંધીનગર

HSC Science માર્ચ-૨૦૨૨ માટે ઓનલાઈન ગુણ ચકાસણી/અવલોકન/OMR COPY મેળવવા માટેની અરજી કરવાની સૂચનાઓ

સમયમર્યાદા: (૧૭/૦૫/૨૦૨૨ બપોરે ૧૪.૦૦ કલાકથી ૨૩/૦૫/૨૦૨૨ સાંજે ૧૭:૦૦ કલાક સુધી)

## 1. Registration કરવાની પ્રક્રિયા

- www.gseb.org પર જવું.
  a) ત્યારબાદ "HSC Science માર્ચ-૨૦૨૨ ગુણ ચકાસણી/અવલોકન/OMR COPY" પર ક્લીક કરવું. અથવા **sci.gseb.org** વેબસાઇટ open કરવી.
- ગુણ ચકાસણી/અવલોકન/OMR COPY માટે Registration કરવા માટે Register બટન પર ક્લીક કરવું અને Registration ફોર્મ ભરવું.
- ફોર્મમાં દર્શાવેલ તમામ વિગત ભરી Register બટન પર ક્લીક કરવું.
- Register બટન પર ક્લીક કર્યાની ૧ થી ૫ મિનિટમાં આપના દ્વારા Enter કરેલા મોબાઈલ નંબર પર OTP (એક પાંચ આંકડાનો CODE) આવશે. જેને નીચે દર્શાવેલ OTP Details માં ભરી SUBMIT કરવું.
- SUBMIT બટન પર ક્લીક કરવાથી અને પાસવર્ડ ENTER કરીને Registration ની પ્રક્રીયા પુરી કરવી.

## 2. LOGIN કરી અરજી કરવાની પ્રક્રિયા.

- LOGIN બટન ક્લીક કરવાથી લોગીન ફોર્મ ખૂલશે. જેમાં આપનો SEAT NUMBER, MOBILE NUMBER અને પાસવર્ડ (કે જે આપના દ્વારા Registration દરમ્યાન ભરવામાં આવ્યો હતો.) તે Enter કરી LOGIN કરવું.
- લોગીન કરવા પર આપને આપના RESULT ની વિગતો દેખાશે. વિજ્ઞાન પ્રવાહના પરીક્ષાર્થીઓએ વિષયની સામે લેવાની થતી સેવાઓ (જેવી કે ગુણ ચકાસણી/અવલોકન/OMR COPY) SELECT કરવી અને તેની સામે OMR BARCODE NUMBER તથા ઉત્તરવહી બારકોડ નંબર ભરવા. ત્યારબાદ PAYMENT કરવા માટે"Pay Now" પર ક્લીક કરવું.
- વિદ્યાર્થી તા.૨૩/૦૫/૨૦૨૨ સાંજે ૧૭:૦૦ કલાક સુધીમાં કોઈપણ સમયે LOGIN કરી વધારાના વિષય માટે પણ અરજી કરી શકશે. જે વિષય સામે ક્લીક કરે તેનો OMR/ઉત્તરવહી બારકોડ નંબર ભરી, ત્યારબાદ Pay Now બટન પર કલીક કરી, ફી ભરીને અરજી કરવાની રહેશે. (ફરીવાર Registration પ્રક્રિયા કરવાની જરૂર નથી.)

## 3. PAYMENT કરવાની પ્રક્રિયા

- ફી નો દર નીચે મુજબ છે.
  1. Rechecking ની વિષયદીઠ ફી રૂ.૧૦૦/- ફી
  2. ઉત્તરવહી અવલોકનની વિષયદીઠ ફી રૂ.૩૦૦/- ફી
     (મુખ્ય ૪ વિષય Physics,Chemistry,Maths,Biology માટે)
  3. OMR COPY મેળવવાની ફી રૂ.૧૦૦/- ફી
     (મુખ્ય ૪ વિષય Physics,Chemistry,Maths,Biology માટે)
  4. કુલ ફી ઉપરાંત રૂ.૨૦/- Online Application Fee ચૂકવવાની રહેશે.

તમામ વિગત ભર્યા બાદ “Pay Now” ટેબ પર ક્લીક કરવાથી નીચે મુજબનું પેજ દેખાશેફી . ઓનલાઈન અનેSBI બેંક મારફતે(ઓફલાઇન) બંને રીતે ભરી શકાશે.




## ➢ <u>Online payment કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે</u>

- આપની અનુકુળ પદ્ધતિ મુજબ ચુકવણી કરી શકો છો. ઉપર દર્શાવ્યા પ્રમાણે Debit/Credit Card, Net Banking વગેરે દ્વારા Online Payment કરી શકાશે.
- Payment કરી Payment Receipt વાળુ પેજ આવે ત્યાં સુધી રાહ જોવી. પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી Browser બંધ ન કરવું કે વેબપેજ Reload ન કરવું.
- અરજી ભરવાની અંતિમ તારીખની મર્યાદા પૂર્ણ થાય તે પહેલા ફી નું ચુકવણું કરી દેવાનું રહેશે.
- Payment Successfully Complete થયા બાદ Receipt પર ક્લીક કરી Receipt ની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે જે આપે કરેલ અરજીનો આધાર રહેશે.

### <u>પેમેન્ટના ચાર્જીસ નીચે મુજબ છે.</u>

| | |
|---|---|
| ડેબીટ કાર્ડ | Rs.0 Charges |
| ક્રેડીટ કાર્ડ | કુલ રકમના ૧.૧૦% + ટેક્ષ જેટલો ટ્રાન્જેકશન ચાર્જ લાગશે. |
| **Net Banking** | ટ્રાન્જેક્શન દીઠ SBI નેટ બેન્કિંગ માટે રૂ.૫ + ટેક્ષ તેમજ અન્ય બેંકથી નેટ બેન્કિંગ માટે રૂ.૮ + ટેક્ષ ચાર્જ લાગશે. |
| કેશ | ટ્રાન્ઝેક્શન દીઠ રૂ.૬૦ (GST સાથે) ચાર્જ લાગશે. |

- ઉપરના તમામ ટ્રાન્જેક્શન ચાર્જીસ પર (ટેક્ષ) GST (જે હાલ ૧૮% છે તે) લાગશે.
- ઉદાહરણ તરીકે જો આપ SBI ના Net Banking થી રૂ. ૩૨૦/- Payment કરો છો તો રૂ.૩૨૦/- + રૂ.૫/- (Transaction Charge) + રૂ.૦.૯૦(રૂ.૫/- ના ૧૮%) Tax એમ કુલ રૂ.૩૨૫.૯૦(રૂ.ત્રણસો પચીસ અને નેવું પૈસા) ચાર્જ લાગશે.

## ➢ **<u>Offline payment  કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે</u>**

- ઉપર દર્શાવેલ ઇમેજમાં દર્શાવ્યા મુજબ SBI Branch Payment પર ક્લિક કરી નામ, મોબાઇલ નંબર અને ઇમેઇલની વિગતો ભરી Pay Now પર ક્લિક કરવાથી Offline Payment કરવા માટેનું ચલણ (કેશ મેમો) સ્લીપ જનરેટ થશે.(કેશ મેમોની રકમ આપે ચુકવવાની થતી રકમ સાથે ચકાસી લેવી.)
- આ સ્લીપ SBI (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા) ની કોઇ પણ બ્રાંચ પરથી ભરી શકાશે.
- SBI દ્વારા ચલણ ભરવાનો ચલણદીઠ રૂ.૬૦( GST સાથે) ચાર્જ દ્વારા લેવામાં આવશે.
- અરજી કર્યાની અંતિમ તારીખ પહેલાં ચલણ ભરી દેવાનું રહેશે.
- SBI બ્રાન્ચ ભરેલ પહોંચ સાચવી રાખવાની રહેશે. તથા જરૂર જણાય ત્યારે રજૂ કરવાની રહેશે.
- Payment કર્યાના ૧ દિન બાદ લોગીન કરી આપની Receipt ની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે જે આપે કરેલ અરજીનો આધાર રહેશે.

